# એલપીજીના સિલિન્ડર ક્વોટાને ટૂંકમાં ૧ ૨ કરાશે

નવી દિલ્હી,તા. ૧૦

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને લોકસભાની ચૂંટણી પહેલા યુપીએ સરકાર રાહત આપવાની તૈયારીમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલી સબસિડીવાળા એલપીજીના ક્વોટાને વધારવાની તૈયારીમા છે. કોંગ્રેસ દ્વારા સબસિડીવાળા એલપીજીના ક્વોટાને વધારવા માટે તીવ્ર દબાણ લાવવામાં આવી રહ્યુ છે. મોઈલીએ કહ્યુ છે કે સરકાર એક પરિવારને વાર્ષિક ૧ ૨ સિલિન્ડરોની મર્યાદા કરવાના મુદ્દે ગંભીરતાપૂર્વક વિચારણા કરશે. હાલમાં સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા વાર્ષિક નવ છે. હજુ સુધી ક્વોટાને વધારવાની કોઈ દરખાસ્ત હોવાનો ઈન્કાર કરી રહેલા મોઈલીએ હવે ગુલાટ મારી છે અને કહ્યુ છે કે તેઓ એલપીજી સિલિન્ડરના ક્વોટાને વધારવાના મુદ્દે નાણામંત્રી પી ચિદમ્બરમ સાથે પણ વાતચીત કરનાર છે. તેઓ આ મુદ્દે રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિ સમક્ષ પણ રજુઆત કરનાર છે. કોંગ્રેસના સાંસદ સંજય નિરૂપમ, પીસી ચાકો, મહાબલ મિશ્રા મોઈલીને મળ્યા હતા અને એક વર્ષમાં સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોના ક્વોટાને નવથી વધારીને ૧ ૨ કરવાની રજુઆત કરી હતી. તેમની રજુઆત બાદ મોઈલી દ્વારા આ મુજબની પ્રતિક્રિયા આપવામાં આવી છે. ચિદમ્બરમે ગયા સપ્તાહમા જ કહ્યુ હતુ કે કેટલાક મુખ્યમંત્રી તરફથી પણ ક્વોટામાં વધારો કરવાની દરખાસ્ત અને માંગ આવી ચુકી છે. સરકાર આ દિશામાં વિચારણા કરશે. સબસિડી બિલમાં કાપ મૂકવાના અનુસંધાનમાં સરકારે શરૂઆતમાં સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા સપ્ટેમ્બર ૨૦૧૨માં એક વર્ષમાં ઘટાડીને છ કરી હતી ત્યારબાદ



જાન્યુઆરી ૨૦૧૩માં આ ક્વોટાને વધારીને નવ કરવામાં આવ્યો હતો. નિરૂપમે કહ્યુ હતુકે મોટાભાગના ગ્રાહકો વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં ક્વોટાનો ઉપયોગ કરી ચુક્યા છે અને હવે માર્કેટ કિંમતે એલપીજી ખરીદી રહ્યા છે. માર્કેટ કિંમત ૧૨૫૮ રૂપિયા છે. બીજી બાજુ ચાકોએ કહ્યુ હતુ કે નવ સિલિન્ડરોની મર્યાદા એક સરેરાશ પરિવારની જરૂરિયાતોને પહોંચીવળવામાં અપૂરતા છે જેથી અમે ૧ ૨ની માંગ કરી રહ્યા છીએ. મોઈલીએ કહ્યુ છેકે જો ક્વોટાને ૧ ૨ કરવામાં આવશે તો એલપીજી ગ્રાહકો પૈકી આશરે ૯૭ ટકાને સબસિડીવાળા એલપીજીથી આવરી લેવાશે. હાલમાં ૬૯.૫ ટકા ગ્રાહકો એક વર્ષમાં માત્ર છ સિલિન્ડરોનો ઉપયોગ કરે છે. ૧ ૨ની મર્યાદા કરવાથી સરકારનો ફયુઅલ સબસિડી બોઝ ૩૩૦૦ કરોડથી ૫૫૦૦ કરોડની આસપાસ થઈ જશે.

**મોદી સ્થિર સરકાર આપી શકે**

## પીએમ પદ માટે મોદીને કિરણ બેદીનો પણ ટેકો

નવી દિલ્હી,તા. ૧૦

ભ્રષ્ટાચારની સામે આંદોલનમાં સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારે સાથે રહેલા પૂર્વ આઈપીએસ ઓફિસર કિરણ બેદી ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને સમર્થન આપી રહ્યા છે અને કહ્યું છે કે મોદી દેશમાં સ્થિર, એક જવાબદારી પૂર્વકની અને સારી સરકાર આપી શકે છે. ગુરુવારે મોડી રાત્રે કિરણ બેદીએ એક કાર્યક્રમમાં કહ્યું



હતું કે સ્થિર, વધુ સારી સરકાર માટે તેમનો મત મોદીને જશે. સોસિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વીટર ઉપર કિરણ બેદીએ કહ્યું છે કે તેમની પ્રથમ પ્રાથમિકતા દેશ છે. જેથી તેઓ મોદીને મત આપવા માગે છે. અત્રે ઉલ્લેખનીય છે કે કિરણ બેદી ગયા વર્ષે ઓક્ટોબરમાં જ્યારે અમદાવાદમાં આવ્યા હતા ત્યારે પણ મોદીનું સમર્થન કર્યું હું. નામ લીધા વગર આમ આદમી પાર્ટી ઉપર કિરણ બેદીએ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે આજે દેશને સ્થિર અને અનુભવી હાથની જરૂર છે. બેદીનું કહેવું છે કે અમારા પૈકી જે કોઈપણ વ્યક્તિ કૌભાંડમુક્ત દેશ ઈચ્છે છે તે કોંગ્રેસને મત આપશે નહીં. કિરણ બેદીના નિવેદનને લઈને આમ આદમી પાર્ટી અથવા તો અન્ય કોઈ રાજકીય પક્ષોએ પ્રતિક્રિયા આપી નથી પરંતુ ભાજપ માટે આ ખૂબ રાહતજનક સમાચાર છે.

**નરેન્દ્ર મોદી બેઠકમાં ઉપસ્થિત ન રહ્યા**

## ભાજપ સંસદીય બોર્ડ બેઠકમાં વિવિધ મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા

નવી દિલ્હી,તા. ૧૦

ભાજપ સંસદીય બોર્ડની આજે મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં આગામી રાષ્ટ્રીય કારોબારી અને કાઉન્સિલ બેઠક માટેના એજન્ડા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પાર્ટી દેશભરના તેના ૧૦ હજારથી વધુ હોદ્દેદારોને આવનાર દિવસોમાં અપનાવવામાં આવનાર વ્યૂહરચના અંગે પણ માહિતી આપશે. લોકસભાની ચૂંટણીમાં શાનદાર સફળતા મેળવવા અને કેન્દ્રમાં સત્તા કબજે કરવા અપનાવવામાં આવનાર વ્યૂહરચના અંગે આજે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પેનલે એવો નિર્ણય કર્યો હતો કે ભાજપ ૧૭મી જાન્યુઆરીથી ૧૯મી જાન્યુઆરી દરમિયાન રાષ્ટ્રીય પાટનગરમાં યોજાનારી તેની કારોબારી અને પરિષદ બેઠકમાં બે ઠરાવ પસાર કરશે. મોદી ફોર પીએમના સ્લોગન



સાથે લોકો સુધી પહોંચવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવનાર છે. આ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટેની રૂપરેખાનો મુદ્દો પણ આજે છવાયેલો રહ્યો હતો. આજે યોજાયેલી બેઠકમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા ન હતા કારણ કે તેઓ ગઈકાલે જ પાટનગરથી ઉપડી ગયા હતા. પ્રવાસી ભારતીય દિવસમાં ગઈકાલે તેઓએ હાજરી આપી હતી.

૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા ભાજપની સૌથી મોટી બેઠક યોજાનાર છે. રાષ્ટ્રીય કારોબારી અને પરિષદ બેઠકમાં દેશના તમામ ભાગોમાંથી બ્લોક અને જિલ્લા સ્તરના ૧૦ હજારથી વધુ હોદ્દેદારો ભાગ લેશે. આમાં રાજકીય ઠરાવ પસાર કરવામાં આવશે જેમાં ભ્રષ્ટાચાર, કૌભાંડો, ગેરસંચાલન, આંતરિક સુરક્ષાના મુદ્દાનો સમાવેશ થાય છે. બીજો ઠરાવ અર્થતંત્ર પર લવાશે જેમાં તીવ્ર ભાવ વધારા, વિદેશી મૂડીરોકાણને ઘટાડવા, મધ્યમ અને ગરીબ વર્ગની નાણાંકીય તકલીફોને ઘટાડવાની બાબતોનો સામાવેશ થાય છે. ભાજપ દ્વારા રેલીઓના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવશે. ઓફલાઈન અને ઓનલાઈન પ્રચાર કરવામાં આવશે. ભાજપે મોદીની નેતાગીરી હેઠળ પહેલાથી જ ૨૭૨ પ્લસ બેઠક જીતવાના હેતુ સાથે આક્રમક અભિયાનની શરૂઆત કરી દીધી છે. આમ આદમી પાર્ટીએ ભાજપ સામે કોઈ પડકારની સ્થિતિ સર્જી હોવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. અનંતકુમારે કહ્યુ છેકે અમારો મુખ્ય હેતુ એક સક્ષમ નેતા હેઠળ સ્થિર સરકારની રચના કરવાનો છે. એનડીએને પણ વિસ્તૃત કરવામાં આવશે.

## મહારાષ્ટ્રમાં AAPમાં ૧૦ જ દિનમાં ૫ લાખ સભ્ય જોડાયા

મુંબઈ,તા. ૧૦

આમ આદમી પાર્ટીની લોકપ્રિયતા શહેરી વિસ્તારમાં જોવા મળી રહી છે. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની અસર ઉલ્લેખનીય રીતે નોંધાયા બાદ મહારાષ્ટ્રના નાના વિસ્તારોમાં પણ આની અસર જોવા મળી રહી છે. અકોલા, બુલધાના અને જલગાંવ જેવા શહેરોમાં આમ આદમી પાર્ટીની અસર જોવા લાગી છે. આમ આદમી પાર્ટીમાં છેલ્લા ૧૦ દિવસની અંદર મહારાષ્ટ્રમાં પાંચ લાખ સભ્યો થઈ ગયા છે. છેલ્લા થોડાક સપ્તાહમાં કેજરીવાલે દિલ્હીમાં કરેલા કામની પણ નોંધ લેવામાં આવી છે જેથી મોટી સંખ્યામાં લોકો આમ આદમી પાર્ટીમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીમાં બેંકરો, વકીલો, ટોચના ટીવી પત્રકારો અને ઉદ્યોગપતિઓ પણ જોડાયા છે. આમ આદમી પાર્ટીનું કહેવું છે કે તે એવી જ બેઠકો ઉપર ચૂંટણી લડવા માગે છે જ્યાં સારા ઉમેદવાર મળશે. મહારાષ્ટ્રમાં હાલમાં ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

આમ આદમી પાર્ટીમાં સ્વૈચ્છિક રીતે મોટી સંખ્યામાં લોકો જોડાઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીની લોકસભાની ચૂંટણીને લઈને તૈયારી પણ ચાલી રહી છે. ચેરિટી ઝુંબેશ પણ ચાલી રહી છે. લોકસભાની મહત્તમ સીટ લડવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવ્યા બાદ આમ આદમી પાર્ટીને લઈને સામાન્ય લોકોમાં ચર્ચા છે. આમ આદમી પાર્ટીની હાલની લોકપ્રિયતાના કારણે ભાજપ અને કોંગ્રેસને પણ તેમની વ્યૂહરચના ઉપર નવેસરથી વિચારણા કરવાની ફરજ પડી રહી છે. મહારાષ્ટ્રના કન્વીનર અંજલીનું કહેવું છે કે આમ આદમી પાર્ટીમાં લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં ઉમેદવારોની પસંદગી કરતા પહેલાં ઘણા પાસાં ઉપર જોવાની ફરજ પડશે. લોકોની અપેક્ષાઓ પૂરી કરવા એએપી ઉપર દબાણ વધી રહ્યું છે. અંજલી ભ્રષ્ટાચાર સામે અગાઉ લડતમાં પણ સામેલ રહી છે.

## ઈન્ફોસિસના પરિણામ વચ્ચે બજાર તેજીની સાથે બંધ રહ્યુ

મુંબઈ,તા. ૧૦

ઈન્ફોસિસના પરિણામો વચ્ચે આજે શેરબજારમાં તેજી જોવા મળી હતી. જો કે અપેક્ષા મુજબની તેજી નોંધાઈ ન હતી જેથી કારોબારીઓ કેટલાક અંશે દિશાહિન રહ્યા હતા. જેવી અપેક્ષા હતી તેવી તેજી આજે નોંધાઈ ન હતી. સેન્સેક્સ ૪૫ પોઈન્ટ ઉછળીને ૨૦૭૫૮ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૩ પોઈન્ટ ઉછળીને ૬૧૭૧ની સપાટીએ રહ્યો હતો. મૂડીરોકાણકારો પણ નવેમ્બર મહિનાના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટા (આઈઆઈપી)ના આંકડા જારી કરવામાં આવે તે પહેલા સાવધાન રહ્યા હતા. શેરબજારમાં આજે ભારે ઉત્સુકતા રહી હતી. ડિસેમ્બર મહિના માટે વેપાર ખાદ્યની સ્થિતિ ઘટી છે. ડિસેમ્બરમાં નિકાસમાં ૩.૪૯ ટકા અને આયાતમાં ૧૫.૨૫ ટકાનો ઘટાડો નોંધાયા બાદ આની અસર પણ બજારમાં જોવા મળી હતી અને તેજી નોંધાઈ હતી. બીએસઈ આઈટી ઈન્ડેક્સમાં સૌથી વધુ તેજી નોંધાઈ હતી. સેક્ટરલ ઈન્ડેક્સમાં આઈટી ઈન્ડેક્સમાં બે ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. એફએમસીજી, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં પણ ઉછાળો નોંધાયો હતો. આઈટીના શેરમાં ઈન્ફોસિસ પર તમામની નજર રહી હતી. ઈન્ફોસિસે તેના ત્રિમાસિક ગાળાના પરિણામમાં રેવેન્યુ માર્ગદર્શિકામાં વધારો કરતા તેના શેરમાં લેવાલી રહી હતી. ઈન્ફોસિસના પરિણામ અપેક્ષાઓ કરતા થોડાક સારા રહ્યા હતા. ઈન્ફોસિસ, વિપ્રો, આઈટીસી, ટીસીએસ, ડોક્ટર રેડ્ડી લેબમાં ૧.૭ ટકા-૨.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો.

આઈટીના શેરમાં ઈન્ફોસિસમાં સૌથી વધુ ૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં ઈન્ફોસિસે તેના નેટ નફામાં ૧૯.૪ ટકાનો ગ્રોથ દર્શાવ્યો હતો અને નેટ પ્રોફિટનો આંકડો ૨૮.૭૫ કરોડનો દર્શાવવામાં આવ્યો છે. બજાર સાથે સંકળાયેલા નિષ્ણાંતો ઈન્ફોસિસના નેટ નફામાં સરેરાશ ૨૬૮૧ કરોડ રહેવાની વાત કરી રહ્યા હતા. દેશની બીજી સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ કંપનીએ નિવેદન જારી કરીને આંકડા જારી કર્યા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવારના દિવસે ૩.૭૪ કરોડની કિંમતના શેર વેચી દીધા હતા. બ્રોડર માર્કેટમાં હકારાત્મક સ્થિતિ રહી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧૭ ટકા અને ૦.૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટ બ્રિડથ આંશિકરીતે નકારાત્મક રહી હતી. ૧૫૦૫ શેરમાં તેજી અને ૧૧૯૧ શેરમાં મંદી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં ગઈકાલે ફરીથી મંદીનું મોજુફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ગઈકાલે ૧૬ પોઈન્ટ ઘટીને ૨૦૭૧૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ગઈકાલે છ પોઈન્ટ ઘટીને ૬૧૬૮ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં હાલમાં અફડાતફડી જોવા મળી રહી છે. નવા વર્ષમાં મોટાભાગે શેરબજારમાં મંદી રહી છે. ગઈકાલે ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન સેન્સેક્સ ૨૦૬૫૨ અને નિફ્ટી ૬૧૪૮ની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

## ટીઆરએસને કોંગ્રેસની સાથે મર્જ કરવા ઓફર

નવી દિલ્હી,તા. ૧૦

કોંગ્રેસ હાઈકમાન્ડે તેલંગાણા રાષ્ટ્રીય સમિતિના મર્જની અભૂતપૂર્વ ઓફર કરી છે. જો કે કોંગ્રેસે આ ઓફર કરતીવેળા કેટલીક આકર્ષક અન્ય ઓફરો પણ કરી છે. ટીઆરએસના વડા કે ચંદ્રશેખરરાવને કહેવામાં આવ્યુ છે કે જો તેઓ તેમની પાર્ટીને કોંગ્રેસ સાથે મર્જ કરી દેશે અને ફેબ્રુઆરીમાં સંસદ દ્વારા તેલંગાણા બિલને પસાર કરી દેવામાં આવશે તો નવા રાજ્યમાં યોજાનારી વિધાનસભાની પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે તેમને પ્રોજેક્ટ કરવામાં આવશે. કોંગ્રેસે આ અભૂતપૂર્વ ઓફર કરીને ભારે ચર્ચા જગાવી છે. ટીઆરએસના વડાને કહ્યુ છે કે અલગ તેલંગાણા રાજ્યની રચના થયા બાદ તેલંગાણામાં ચૂંટણી યોજાશે. વિધાનસભાની પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે તેમને પ્રોજેક્ટ કરશે. તેલંગાણાની રચના થઈ જશે તેવી આશા કોંગ્રેસને દેખાઈ રહી છે. રાવ તેમની ઓફરને સ્વીકારશે તેવો કોંગ્રેસે મત વ્યક્ત કર્યો છે.

## ૧૦૦૦૦ નવી એમબીબીએસની સીટ ઊભી કરવા લીલીઝંડી

નવી દિલ્હી,તા. ૧૦

તબીબી અભ્યાસ કરવામાં આગળ વધવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ખૂબ સારા સમાચાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કેબીનેટે સરકારી મેડીકલ કોલેજોમાં ૧૦ હજાર નવી એમબીબીએસની સીટ ઊભી કરવાની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે. દેશમાં સરકારી અને ખાનગી બંનેમાં ૩૮૧ મેડીકલ કોલેજો છે અને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) સમક્ષ નોંધાયેલી સીટની સંખ્યા એમબીબીએસમાં ૫૦ હજારની છે. આ દરખાસ્તનો હેતુ દેશમાં ડૉક્ટર-દર્દીના રેસીયોને ઘટાડવા તબીબોની સંખ્યા વધારવાનો છે. ડૉક્ટર-દર્દીઓનો રેસિયો ૧:૨૦૦૦થી ઘટાડીને ૧:૧૦૦૦ કરાશે. રેસોયને વધારવા માટે છેલ્લા ઘણા સમયથી પ્રયાસો કરવામાં આવી ચૂક્યા છે. આનાથી ઘણા એવા વિસ્તારમાં તબીબોની સંખ્યા પણ વધી જશે જ્યાં લોકોને તબીબી સારવાર લેવા માટે લાંબા અંતર સુધી જવું પડે છે. રાજ્ય અને કેન્દ્રીય મેડીકલ કોલેજોના અપગ્રડ માટે કેન્દ્ર દ્વારા સ્પોન્સર સ્કીમ સાથે સંબંધિત આરોગ્ય મંત્રાલય દ્વારા દરખાસ્ત તૈયાર કરી લેવામાં આવી છે. સરકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આના માટે ખર્ચ ૧૦ હજાર કરોડની આસપાસ રહેશે. કેન્દ્રીય મદદ ૭૫૦૦ કરોડ રૂપિયાની રહેશે. રાજ્યોની હિસ્સેદારી ૨૫૦૦ કરોડ રૂપિયા રહેશે. એક એમબીબીએસની સીટ માટે કુલ રોકાણ ૧.૨૦ કરોડની આસપાસ રહેશે. આ સ્કીમ હેઠળ ફંડીગની પદ્ધતિ ઉત્તર પૂર્વીય રાજ્યો અને ખાસ કેટેગરી ધરાવતા રાજ્યો માટે ક્રમશઃ કેન્દ્ર અને રાજ્ય દ્વારા ૯૦:૧૦ રહેશે. એમબીબીએસની સીટોમાં ઉમેરો કરવા માટેની હિલચાલ ઘણા સમયથી ચાલી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારે ગયા સપ્તાહમાં જ જિલ્લા હોસ્પિટલોના અપગ્રેડ અને કેન્દ્રીય મદદથી રાજ્યોમાં ૫૮ નવી મેડીકલ કોલેજો સ્થાપિત કરવાની આરોગ્ય મંત્રાલયની દરખાસ્તને લીલીઝંડી આપી હતી જેથી ૫૮૦૦ નવી એમબીબીએસની સીટો ઊભી કરવામાં મદદ મળશે. વર્ષ ૨૦૦૦ બાદથી સરકારે ૯૩૦૦ મેડીકલ સીટ ઊભી કરી છે. ૧૯૫૦થી ૨૦૦૦ સુધીના ગાળામાં જે સ્થિતિ હતી તેની સરખામણીમાં ખૂબ વધારે સીટો ઊભી કરવામાં આવી છે. બીજી બાજુ ખાનગી મેડીકલ કોલેજોએ આ જ ગાળામાં ૧૭૭૦૦ એમબીબીએસની સીટો ઉમેરી છે. આનો મતલબ એ થયો કે ખાનગી સ્તરે તબીબી શિક્ષણને વધારે મહત્વ અપાઈ રહ્યું છે. સરકારની કેટલાક અંશે ઉદાસીનતા પણ દેખાઈ રહી છે.

## ગુજરાત માટે પેનલનું નેતૃત્વ બંસલ જ કરશે

નવી દિલ્હી,તા. ૧૦

લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવાની પ્રક્રિયા કોંગ્રેસ ટૂંકમાં જ હાથ ધરશે. આના માટે સ્ક્રીનીંગ પેનલોના રચના કરવામાં આવી ચૂકી છે. આ પેનલોનું નેતૃત્વ પક્ષના વરિષ્ઠ નેતાઓ કરશે. પેનલોની બેઠક ૧૭મી જાન્યુઆરી બાદ તરત જ શરૂ થશે. સૌથી રસપ્રદ બાબત એ છે કે લાંચ રુસવત મામલામાં ફસાઈ ગયા બાદ રેલવે પ્રધાન તરીકે રાજીનામું આપી ચૂકેલા પવન કુમાર બંસલ સૌથી મહત્વપૂર્ણ ગણાતા ગુજરાત અને રાજસ્થાનમાં ઉમેદવાર પસંદ કરવા સ્ક્રીનીંગ કમીટીનું નેતૃત્વ કરશે. પવન કુમાર બંસલ પાસે દાદરા અને નગર હવેલી, દમન અને દીવની પણ જવાબદારી રહેશે. જ્યારે રાજકીય રીતે સૌથી મહત્વપૂર્ણ ગણાતા ઉત્તર પ્રદેશમાં ઉમેદવારોની પસંદગીની જવાબદારી રાહુલ ગાંધીના સૌથી નજીકના સાથી અને કેન્દ્રીય રમતગમત પ્રધાન જીતેન્દ્ર પ્રસાદને સોંપવામાં આવી છે. ગૃહપ્રધાન શિંદે બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ માટેની સ્ક્રીનીંગ પેનલનું નેતૃત્વ કરશે.

### શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

**ગઝલ**

પાસા પોબાર પાડતાં શીખી તો હું ગયો,
રમત રમાણી ચેસની એ ખ્યાલ ના રહ્યો.
હું દિવસભર કામમાં રચ્યો પચ્યો રહ્યો,
કયારે નિશા આવી ગઈ એ ખ્યાલ ના રહ્યો
જે યુવાનીને રીઝવવા કાયમ હું મથતો રહ્યો,
કયારે એ ચાલી ગઈ, એ ખ્યાલ ન રહ્યો.
મેં તો કહ્યું તું ''આવજો'' ને આવી ગયા તમે,
છે શબ્દ એક અર્થ બે, એ ખ્યાલ ન રહ્યો.
પોતાની જાણી હું જરાક પાછળ જયાં ફર્યો,
ઘા થશે ત્યાં પીઠ પર, એ ખ્યાલ ના રહ્યો.
લોકો કહે છે ઔરંગઝેબ, ને હું પણ માની ગયો,
નબળાઈ ગઝળની હશે, એ ખ્યાલ ના રહ્યો.
દવા ગણીને ઝેર હું કાયમ પીતો રહ્યો,
ખૂટી જશે તો શું થશે, એ ખ્યાલ ના રહ્યો.
મળ્યું આમંત્રણ એટલે હું તો પહોંચી ગયો,
મહેફીલમાં એ પણ હશે, એ ખ્યાલ ના રહ્યો.
સારૂં સારૂં બોલીને પછી હું તો નીકળી ગયો,
વારો એનો બાકી હશે, એ ખ્યાલ ના રહ્યો.
ઈશ્વરને પામવા બધે મંદિર જતો રહ્યો,
એ પણ મને શોધી શકે, એ ખ્યાલ ના રહ્યો.
અધ્યાય અઢારે અઢાર હું તો વાંચી ગયો,
સારથી જોઈશે મને, એ ખ્યાલ ના રહ્યો.
તાળીની ગુંજ સાંભળી હું તો રાજી થયો,
એકાદ ઓછી પણ હશે, એ ખ્યાલ ના રહ્યો.

- ડૉ. મુકેશ જોષી

## ૨૬ કોલસા બ્લોક ફાળવણી રદ કરવાનું સરકારને સૂચન

નવી દિલ્હી,તા. ૧૦

એટર્ની જનરલ જીઈ વહાણવટીએ વર્ષ ૨૦૦૫ બાદથી ખાનગી કંપનીઓને કરવામાં આવેલી કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવા સરકારને સલાહ આપી છે. યુપીએને ટુજીનું પુનરાવર્તન થવાની દહેશત સતાવી રહી છે જેથી એટર્ની જનરલે ૨૬ કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવા સરકારને અપીલ કરી છે. સુપ્રીમ કોર્ટમાં પણ આ સંદર્ભમાં રજૂ કરવામાં આવી ચૂકી છે. જસ્ટિસ આર એમ લોધા અને મદદ બી લાકુર અને કુરિયન જોસેફની બનેલી બેન્ચ સમક્ષ એજીએ કહ્યું હતું કે સરકાર સમક્ષ તેઓએ આ મામલો ઉઠાવ્યો છે. સરકારને તેમના મતથી વાકેફ કરી દેવામાં આવ્યા છે. હાલ આ મુદ્દે વિચારણા ચાલી રહી છે. બુધવાર સુધીમાં સરકારના નિર્ણય અંગે જાણ કરી દેવામાં આવશે. સુપ્રીમની આ બેન્ચ કોલસા બ્લોકની ફાળવણીમાં ગેરરીતિમાં સીબીઆઈની તપાસ ઉપર નજર રાખી રહી છે. સરકાર ૨૬ કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવાની દિશામાં આગળ વધી રહી છે.

વિશ્વસનીય સૂત્રોએ કહ્યું છે કે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર હેઠળ વર્ષ ૨૦૦૫ બાદથી ખાનગી કંપનીઓને ૪૬ કોલસા બ્લોકની ફાળવણી કરવામાં આવી છે જે હાલ ચકાસણી હેઠળ છે. સરકારે પહેલાથી જ ૧૫ ફાળવણીને રદ કરી દીધી છે. બાકીની ૩૧ ફાળવણી પૈકી બેને રાજ્યો દ્વારા ભાડા પટ્ટે માઈનીંગની મંજૂરી મળી છે. ઓગસ્ટ ૨૦૧૨માં કેગે તેના અહેવાલમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૦૫થી ૨૦૦૯ના ગાળામાં ખાનગી કંપનીઓને ૫૭ કોલસા બ્લોકની ફાળવણી સ્પર્ધાત્મક બિલીંગ વગર કરવામાં આવી હતી જેના પરિણામ સ્વરૂપે તિજોરીને ૧.૮૬ લાખ કરોડનું નુકસાન થયું હતું. ત્યારબાદથી આ ફાળવણીના ભાવિ અધ્ધરતાલ થયેલા છે. કેગના અહેવાલ બાદ દેશભરમાં ભારે હોબાળો મચી ગયો હતો.

### શિક્ષણનું આરંભબિન્દુ : વિસ્મય

(પાના નં. ૪ નું ચાલુ)

જો માન્ય ન હોય તો પરિવારજનો, ઘેર બેઠાં પોતાના પ્રિય સંતાન માટે આટલું કરો -

➤ એનું આત્મસન્માન અને આત્મગૌરવ જળવાય એવો વ્યવહાર કરો.

➤ શિક્ષણની વાતો ઓછી અને જીવન-વ્યવહારની વાતો... સંવાદ વધારે કરો.

➤ તમારી આશા-અપેક્ષા-આકાંક્ષાઓને વ્યક્ત કરવાને બદલે એની આશા-અપેક્ષાઓને સમજો.

➤ માતૃભાષાને પ્રેમ કરતાં શીખવો.

➤ એને જે કલામાં રસ હોય તે પારખીને એ ક્ષેત્રમાં એના વિકાસ માટે પ્રોત્સાહિત કરો.

➤ પરિવાર કે કુળનાં પરંપરાગત કામો શીખવો અને એમાં ઉત્સાહ જગાડો.

➤ એને રમત... ખેલજગત સાથે જોડો. એનું શરીર પુષ્ટ અને તંદુરસ્ત બને એ માટે એને દિશા આપો.

➤ તમે એના હિતચિંતક છો એની ડગલે ને પગલે એની પ્રતીતિ કરાવો... તો સંવાદનો સેતુ નહીં તૂટે.

➤ પરિવારના પ્રશ્નોમાં અને વિચારણામાં એને જોડો... એની સમજણ વિકસશે.

મને લાગે છે આપણું સંતાન આપણું બીને રહે તે માટે બધું કરવું કંઇ બહું અઘરૂં નથી. બસ, આચરણમાં મૂકો... સારા વાનાં થશે.

### સમાચાર ઝલક

- કિરણ બેદીએ ભાજપને સમર્થન આપ્યું.
- મુંબઈમાં પાવર સ્ટેશનમાં આગ ભભુકી.
- શેરબજારમાં તેજીની રૂખ.
- શ્રી વિપુલ ચૌધરીની વિરુધ્ધ ડેરી બોર્ડનો ચુકાદો કોર્ટે આપ્યો. ચેરમેનપદે હવે રહી નહીં શકે.
- ગાંધીધામમાં કોંગ્રેસની સદાચાર સભામાં બબાલ થઈ.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ૨૦૦ કરોડના ટેક્ષમુકત બોન્ડ બહાર પાડશે.
- અમેરિકન રાજદૂત દેવયાની ભારત આવવા રવાના.
- મુંબઈને મળશે વધુ એક વિમાની મથક સેવા.
- આયાતી તેલ પર જકાત ડયુટી વધારવામાં આવી. તેલ મોંઘુ થશે.
- નાયગ્રા ધોધ ઠંડીથી બરફીલો બન્યો.
- પાકિસ્તાનમાં ધુમ-૩ પીકચરે ૨૦ કરોડની આવક મેળવી.
- અમદાવાદના સફાઈ કામદારોની રેલી હિંસક બની. હડતાળમાં ભંગાણ થવાની શકયતા.
- પુનામાં ૧૨મો ફિલ્મોત્સવ શરૂ થયો.
- બ્રિટનની મહિલા સાંસદ રીયાલીટી સ્વીમ સુટમાં જોવા મળશે.
- છેલ્લા દશકામાં પ્રથમવાર ૨૦૧૩માં કારવેચાણમાં ઘટાો નોંધાયો.
- અમદાવાદ વિમાની મથકે બ્રિટન એરલાયન્સનો ભારે છબરડો- બે દિવસથી સામાન-લગેજ અટવાયો છે.
- વડોદરા ક્રિકેટ એસોસીએશનને કરમુકિતનો લાભ રદ કરાયો.
- મહેસાણામાં મુસાફરોને લુંટતી ટોળકી ઝડપાઈ.
- ભરૂચમાં ગેસ ગળતણથી કામદારો ફસાયા.
- દેશની નિકાસમાં વધારો થયો : વેપારમાં વૃદ્ધિ દર નોંધાયો.